| | | |
|---|---|---|
| GJPM040027312024 | દાખલ તારીખઃ | ૧૯/૦૭/૨૦૨૪ |
| | રજીસ્ટર તારીખઃ | ૧૯/૦૭/૨૦૨૪ |
| | ફેંસલ તારીખઃ | ૧૧/૦૫/૨૦૨૬ |
| | સમયગાળોઃ | વર્ષ માસ દિવસ |

**આંક –**

**ફોર્મ – એ**

| |
|---|
| **હાલોલના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. હાલોલ.** |
| **(જજમેન્ટ આપ્યાની તારીખઃ ૧૧/૦૫/૨૦૨૬)** |
| **(કેસ નં. ૧૭૨૯/૨૦૨૪)** |
| **(ધી નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ )** |

| | |
|---|---|
| ફરીયાદી | સદામહુસેન મુર્તુજાભાઇ કાલોલીયા<br>રહે. મુ.પો. હાજીપાર્ક સોસાયટી, હાલોલ,<br>તા. હાલોલ, જી. પંચમહાલ. |
| ફરીયાદી તર્ફે | વિ.વ.શ્રી એસ.એમ.મકરાણી |
| આરોપી | લુહાર ફૈસલ ફીરોજભાઇ<br>રહે. મોઘાવાડા, પાવાગઢ રોડ, હાલોલ,<br>તા. હાલોલ, જી. પંચમહાલ. |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી એસ.એસ.દુબે |

## **ફોર્મ – બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | –––– |
| ચાર્જશીટની તારીખ | –––– |
| તહોમતનામું ઘડ્યાની / પ્લી લીધાની તારીખ | ૦૧/૧૦/૨૦૨૪ |
| પુરાવો લેવાનું શરૂ કર્યાની તારીખ | – |
| જજમેન્ટ આપવાની નક્કી કરેલ તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | ૧૧/૦૫/૨૦૨૬ |

## **આરોપીની વિગતો**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુક્ત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય સી.આર.પી.સી.ની કલમ – ૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | લુહાર ફેસલ ફીરોજ ભાઇ | – | – | ધી એન.આઇ. એક્ટની કલમ – ૧૩૮ | સજા | (૦૧) એક વર્ષની સાદી કેદ અને ૧,૪૯,૮૦૦ /– રૂપિયા દંડ | – |

# ફોર્મ – સી

## એ – ફરીયાદપક્ષના સાક્ષીઃ–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | સદામહુસેન મુર્તુજાભાઇ કાલોલીયા | ફરીયાદી | ૦૪ |

## બી – આરોપીપક્ષના સાક્ષીઃ–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |
| DW2 | – | – | – |

## સી – કોર્ટના તર્ફેના સાક્ષીઃ–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | | |
| CW2 | – | | |

**એ – ફરીયાદપક્ષ તર્ફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૨૮૪૧૯ અસલ |
| ૨ | ૧૩ | આરોપીએ આપેલ ચેક રીટર્ન થયા અંગેનો તા. ૦૫/૦૬/૨૦૨૩ ના રોજનો કોટક મહીન્દ્રા બેંકનો મેમો અસલ |
| ૩ | ૧૪ | ફરીયાદીએ આરોપીને આપેલ તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજની નોટીસની ઓફીસ કોપી |
| ૪ | ૧૫ | ઉપરોક્ત નોટીસ ફરીયાદીએ આરોપીને આર.પી. એ.ડી.થી મોકલાવેલાની તા. ૧૧/૦૬/૨૪ ના રોજની મની સ્લીપ અસલ |
| ૫ | ૧૬ | ઉપરોક્ત નોટીસ આરોપીને બજી ગયેલ તેનો પોસ્ટ વિભાગનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ |

**બી – આરોપીપક્ષ તર્ફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આંક D-1/DW 1 | |
| ૨ | આંક D-2/DW 2 | |

**સી – કોર્ટ તર્ફે આંકે પાડેલ દસ્તાવેજોઃ–**

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આંક C-1/CW 1 | |
| ૨ | આંક C-2/CW 2 | |

**<u>ડી – મહત્ત્વની વસ્તુઓ–</u>**

| નંબર | મહત્ત્વની વસ્તુઓના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | MO 1 | ––––– |
| ૨ | MO 2 | ––––– |

## <u>ચુકાદો</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સંબંધો હોય એકબીજાને સારી રીતે ઓળખતા હોય આરોપીએ ફરીયાદી પાસે આવી તા. ૦૪/૦૨/૨૦૨૪ ના રોજ હાથઉછીના પેટે રૂપિયા ૧,૨૦,૦૦૦/– લીધેલા અને ફરીયાદીને ત્રણ માસમાં સદર રકમ પરત આપી દેવાનો વાયદો કરેલ જેથી ફરીયાદીએ આરોપી પર વિશ્વાસ રાખી હાથઉછીના પૈસા આપેલ અને ત્યારબાદ આરોપીએ વાયદા મુજબ ત્રણ માસ બાદ આપેલ લેણા પૈસાની માંગણી કરતા બીજા એક મહીનાનો વાયદો કરેલ, જે ફરીયાદીએ માનેલ અને ત્યારબાદ તા. ૦૧/૦૬/૨૦૨૪ ના રોજ ફરીથી પૈસાની માંગણી માટે ફોન કરતા આરોપીએ ફોન ન ઉપાડી, ધક્કા ખવડાવતા ફરીયાદીએ આરોપીના ઘરે કડક ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીના લેણા નાણા પેટે તા. ૦૩/૦૬/૨૦૨૪ ના રોજનો બેંક ઓફ ઇન્ડીયા, હાલોલ શાખાનો ચેક નં. ૦૨૮૪૧૯ નો રૂપિયા ૧,૨૦,૦૦૦/– નો ફરીયાદીને જાતે લખી સહી કરીને આપેલ અને ચેક આપી પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે આ ચેકની તારીખે અથવા ત્યારબાદ ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યેથી ચેકમાં જણાવેલ રકમ તમોને સો ટકા મળી જશે અને જેથી ફરીયાદીએ ચેક સ્વીકારેલ અને ચેક સ્વીકાર્યા બાદ ફરીયાદી દ્વારા આરોપી સાથે ખાતામાં ભંડોળ માટે વાત કરતા આરોપી દ્વારા જેમ તેમ બોલી અને જણાવેલ કે તારાથી થાય તે કરી લે અને ચેક કાલે નાખતો હોય તો આજે નાખ તેમ જણાવેલ અને ફરીયાદીએ સદરહુ ચેક તા. ૦૫/૦૬/૨૦૨૪ ના રોજ કોટક મહીન્દ્રા બેંક લી., હાલોલ શાખામાં જમા કરાવતા સદર ચેક કલીયરીંગ

માટે આરોપીની બેંકમાં મોકલી આપેલ પરંતુ આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ ન હોવાથી ચેક ફન્ડ્સ ઇનસફીશીયન્ટના શેરા સાથે તા. ૦૫/૦૬/૨૦૨૪ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરેલ જેથી ફરીયાદીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ આરોપીને વકીલશ્રી મારફતે તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ રજી. એડી. થી નોટીસ મોકલાવેલ જે આરોપીને તા. ૧૨/૦૬/૨૦૨૪ ના રોજ બજી ગયેલ અને નોટીસની સમયમર્યાદામાં નાણા ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી. જેથી આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ ગુનો કરેલ હોય હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને આરોપી સામે કેસ ચલાવી યોગ્ય નશ્યત કરવા તથા આરોપીને સજા તથા ચેકની બમણી રકમનો દંડ કરવા તથા યોગ્ય લાગે તેવી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર કામે હાલની ફરીયાદ લગત કોગ્નીઝન્સ લઈ આ કામના આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ ફરીયાદપક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. જે બાદ આરોપીને તેઓ સામેના ગુનાની વિગત વાંચી, સમજાવી, સંભળાવી આંક – ૦૯ થી પ્લી લેતાં તેમાં તેઓ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ તેઓ બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે. આથી આરોપી વિરૂદ્ધ આગળની ઈનસાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે ફોર્મ – સી મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. સદર કામે આરોપીને પુરતી તક આપેલ હોવાછતા આરોપી તર્ફે સાહેદને તપાસવા માટે યોગ્ય કાર્યવાહી નહી કરતા ફરીયાદીની આંક – ૨૩ ની અરજી લગત હુકમ કરી આરોપીનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષના પુરાવા સબબ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદની હકીકતો અને પુરાવાને નકારી બચાવના સાહેદો

તપાસવા છે અને સોગંદ પર જુબાની આપવી નથી તેમ જણાવી વધુમાં જણાવેલ છે કે, ફરીયાદી સાથે કોઇ મિત્રતાના સંબંધો નથી અને ફરીયાદી આર્થિક સદ્ધર નથી અને ગુગલ પેથી પાર્ટ પેમેન્ટ ચુકવેલ છે અને સિક્યુરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરેલ છે અને નોટીસ મળેલ નથી અને <u>તા. ૧૬/૦૧/૨૦૨૪ ના રોજ રૂપિયા ૧૦,૦૦૦/- ફરીયાદીએ આપેલ</u> તે વ્યાજસહિત ચુકવેલા અને તે સમયે લીધેલ સિક્યુરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ખોટી ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે.

**(૫)** સદર કામે ફરીયાદીના વિ.વ.શ્રી એસ.એમ.મકરાણીની રજુઆત છે કે, સદર કામે આરોપીએ ચેકમાં તેમની સહી બાબતે કોઇ બચાવ લીધેલ નથી અને સદર કામે ફરીયાદીની ઉલટતપાસથી આરોપી અને ફરીયાદી એકબીજાને ઓળખતા નહી હોવાનો કોઇ બચાવ આરોપી પુરવાર કરી શકેલ નથી અને સદર કામે આરોપી દ્વારા ફરીયાદીની ઉલટતપાસમાં જે રકમ ગુગલ પે થી ચુકવેલ હોવાનું જણાવેલ છે તેનો ખુલાસો ફરીયાદીએ ઉલટતપાસમાં કરેલ છે અને આરોપીએ નોટીસનો જવાબ આપી કોઇ બચાવ પ્રથમ તબક્કે લીધેલ નથી અને ચેકની તારીખ ધ્યાને લેતા અને રકમ ચુકવેલ હોવાની તારીખો ધ્યાને લેતા ચેક ઇશ્યુ કર્યા પહેલાની તારીખ હોય અને આરોપીએ સિક્યુરીટી પેટેના ચેકનો જે બચાવ લીધેલ છે તે બાબતે કોઇ પુરાવો રજુ કરેલ નથી અને કોઇ સાહેદ તપાસેલ નથી, વધુમાં આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીની રકમ લીધેલ હોવાની હકીકત સ્વીકારેલ હોય અને ચેકમાં આરોપીની સહી હોય તથા ચેકની રકમ મોટી રકમ ન હોય આવકના પુરાવા રજુ નહી કરવાથી આર્થિક સદ્ધરતાની દલીલ ગ્રાહ્ય રાખી શકાય નહી અને સદર કામે આરોપી તર્ફે માત્ર ચેક ઇશ્યુ કરવામાં આવ્યો તે પહેલા જે કોઇ નાણાકીય વ્યવહાર થયેલ તેના પર આધાર રાખેલ છે જેનાથી ફરીયાદીના તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન થતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીએ એન. આઇ. એક્ટની કલમ – ૧૩૯ તથા કલમ – ૧૧૮ ની જોગવાઇઓ મુજબ ફરીયાદીએ કલમ – ૧૩૮ મુજબના તમામ તત્ત્વો પુરવાર કરેલ છે તથા સદર કામે આરોપીએ હાથઉછીની રકમ પેટે

વાદગ્રસ્ત ચેક આપેલ અને તે ચેક ફન્ડ્સ ઇનસફીશીયન્ટના શેરા સાથે પરત આવેલ હોય ફરીયાદીએ કાયદાની જોગવાઇ મુજબ સમયમર્યાદામાં નોટીસ આપેલ છે અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાછતા નોટીસનો જવાબ આપેલ નથી તથા ફરીયાદીની લેણી રકમ આજદિન સુધી ચુકવી આપેલ નથી. સદર કામે રેકર્ડ પરના પુરાવાથી ફરીયાદીએ એન.આઇ.એક્ટની કલમ – ૧૩૮ મુજબના તત્ત્વો પુરવાર કરેલ હોય તથા આરોપી તર્ફે કરવામાં આવેલ ફરીયાદીની ઉલટતપાસથી તે પુરાવાનું કોઇ ખંડન કરવામાં આવેલ ન હોય જેથી આરોપીને દોષિત ઠરાવી સખત સજા અને ચેકની બમણી રકમનું વળતર ફરીયાદીને અપાવવા રજુઆત કરેલ છે.

(૬) સદર કામે આરોપી તર્ફે પ્રોક્સી વિ.વ.શ્રીની જે.બી.જોષીની રજુઆત છે કે, ફરીયાદવાળો વ્યવહાર હાથઉછીની રકમ બાબતનો છે અને ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા તથા ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદી પાસે રૂપિયા ૧,૨૦,૦૦૦/– હાથ પર હોવાની હકીકત ફરીયાદી પુરવાર કરી શકેલ નથી જેથી ફરીયાદી પોતાની આર્થિક સદ્ધરતા પુરવાર કરી શકેલ નથી અને જો ફરીયાદની હકીકત બાબતે યોગ્ય શંકા ઉત્પન્ન કરવામાં આરોપી સફળ રહે તો તેવા સંજોગોમાં ફરીયાદીના પુરાવાનું ખંડન થયેલ હોવાનું માની શકાય. સદર કામે ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં આરોપીના કુટુંબની માહિતી નહી હોવાનું જણાવેલ છે અને તેવા સંજોગોમાં ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સંબંધો હોવાની હકીકત પુરવાર થતી નથી તથા જો કોઇ વ્યક્તિ સાથે ગાઢ સંબંધો હોય તો જ આટલી મોટી રકમ હાથઉછીની આપે અને તેવા સંજોગોમાં કોઇ કરાર, લખાણ કરે અથવા તો સાક્ષીની હાજરીમાં આપે, પરંતુ સદર કામે તેવું કોઇ લખાણ ફરીયાદીએ રજુ કરેલ નથી તથા કોઇ સાક્ષીને પણ તપાસેલ નથી. વધુમાં ફરીયાદી ગુગલ પે વાપરતા હોવાછતા ગુગલ પેથી આરોપીને કોઇ રકમ ચુકવી આપેલ નથી અને ફરીયાદીની બાઇક અંગેની લોન ચાલુ છે જેથી ફરીયાદી આર્થિક રીતે સદ્ધર હોવાની હકીકત બાબતનું પણ આરોપી તર્ફે ખંડન કરવામાં આવેલ છે અને ખરી હકીકતે આરોપીએ માત્ર રૂપિયા ૧૦,૦૦૦/– ફરીયાદી પાસેથી વ્યાજે લીધેલ અને તે રકમ ગુગલ પે થી ફરીયાદીને વ્યાજ સહિત રૂપિયા

૧૨,૦૦૦/– ચુકવી આપેલ છે અને ફરીયાદીએ પોતાની આવકના કોઇ પુરાવા આ કામે રજુ કરેલ નથી. જેથી આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસથી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન કરવામાં આવેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) ફરીયાદપક્ષના કેસની હકીકત ધ્યાનમાં લઇ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| **ક્રમ** | **મુદ્દા** |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૩/૦૬/૨૦૨૩ ના રોજનો ચેક નં. ૦૨૮૪૧૯ નો રૂપિયા ૧,૨૦,૦૦૦/– નો કાયદેસરના દેવા અને જવાબદારી અદા કરવા માટે ફરીયાદીને આપેલ ? |
| ૨ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીના ખાતામાં જમા કરાવતા ફન્ડ્સ ઇનસફીશીયન્ટના કારણે સ્વીકાર થયા વિના પરત ફરેલ ? |
| ૩ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ચેક વગર સ્વીકાર થયે પરત ફરતા આ કામના ફરીયાદીએ સમય મર્યાદામાં લેખિત નોટીસ આરોપીને મોકલાવેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાછતા આરોપીએ ચેકના નાણાની ચુકવણી સમય મર્યાદામાં નહી કરીને ધી નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૪ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક

૨. હકારાત્મક

૩. હકારાત્મક

૪. આખરી હુકમ મુજબ.

## // કારણો //

**<u>મુદ્દા નં. ૧ થી ૩</u>**

(૯) ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી પુનઃરાર્વતન ટાળવા અને સરળતા ખાતર ઉપરોકત ત્રણેય મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

હાલની ફરીયાદ ફરીયાદીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ દાખલ કરેલ હોય સદર કલમ વંચાણે લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

**<u>ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮</u>**

**<u>ખાતામાં અપુરતા ફંડ વિગેરેના કારણે ચેકનો અસ્વીકાર થવા બાબત</u>**

"સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ એમ કરાવવામાં આવ્યું છે કે,

(અ) જ્યાં સુધી ચેક, લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય.

(બી) જ્યાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જ્યાં સુધી એવો ચેક લખનાર, એકના નાણાં લેનાર પેઈને અથવા તે

ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોક્ત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહી.

**સ્પષ્ટીકરણ:** આ કલમના હેતુ માટે "દેવું અથવા અન્ય જવાબદારી" એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

**(૧૦)** સદર કામે ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ ના તત્ત્વો બાબતે અત્રેની અદાલત નામદાર સુપ્રિમ કોર્ટના M/s. Kusum Ingots & Alloys Ltd. v. M/s. Pennar Peterson Securities Ltd. and ors. etc, AIR 2000 SC 954 વાળા ચુકાદા પર આધાર રાખે છે જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

On a reading of the provisions of Section 138 NI Act it is clear that the ingredients which are to be satisfied for making out a case under the provision are:

(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account for the discharge of any debt or other liability:

(ii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iii) that cheque is returned by the bank unpaid. either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(iv) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of

the cheque as unpaid;

(v) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;

If the aforementioned ingredients are satisfied then the person who has drawn the cheque shall be deemed to have committed an offence. In the explanation to the section clarification is made that the phrase "debt or other liability" means a legally enforceable debt or other liability.

ઉપરોક્ત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો ક્યારે બને? તેના મુખ્ય તત્ત્વો જણાવવામાં આવેલ છે અને તે મુજબ ચેક દેવું અથવા જવાબદારી પેટે લખવામાં આવેલ હોવો જોઇએ અને તેનો અસ્વીકાર થયેલ હોવો જોઇએ. તેમજ ચેક સમય મર્યાદામાં બેંકમાં રજુ થયેલ હોવો જોઇએ તેમજ લખનારની પાસે સમય મર્યાદામાં સદર ચેકની રકમ ચુકવી આપવા લેખિતમાં માંગણી થયેલ હોવી જોઇએ તેમજ સદર નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં લખનાર સદર રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઇએ. ઉપરોકત તત્ત્વો પરિપુર્ણ થાય ત્યારે જ જે વ્યકિતએ ચેક આપેલ તે વ્યકિત સામે નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૮ મુજબનો ગુનો બને અને સદર ચેક કાયદેસરનું લેણું કે બીજી કોઇ જવાબદારી માટે આપેલ હોવો જોઇએ.

**(૧૧)** હાલની ફરીયાદ નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ દાખલ કરેલ હોય અને નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૧૮ તથા કલમ –૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં કેટલાક અનુમાન કરવાના હોય છે જેથી આ તબક્કે સદર બંને કલમો વંચાણે લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

**કલમ – ૧૧૮ નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ વિષે માની લેવાની બાબત**

એથી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણેનું માની લેવામાં આવશે.

**<u>(એ) અવેજ વિષે :</u>** દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**<u>(બી) તારીખ વિષે :</u>** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**<u>(સી) સ્વીકારવાના સમય વિષે :</u>** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાક્યાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

**<u>(ડી) તબદીલીના સમય વિષે :</u>** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

**<u>(ઈ) શેરાઓના ક્રમ વિષે :</u>** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**<u>(એફ) સ્ટેમ્પ વિષે :</u>** ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**<u>(જી) ધારક યથાકમે ધારક છે એમ માની લેવા વિષે :</u>** કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે, પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે, તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ – ૧૩૯: ધારકની તરફેણમાં અનુમાન :</u>**

વિરૂદ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ – ૧૩૮ માં ઉલ્લેખ પ્રકારનો ચેક મળ્યો છે. ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે

ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે તે absolute નથી અને rebutt કરી શકાય અને તેનો rebutt કરવાનો બોજો આરોપીના શિરે છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૧૮ તથા ૧૩૯ના અનુમાનનું ખંડન કરતો probable પુરાવો રજુ કરવાનો હોય છે. એટલે કે ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીપક્ષને કેસના સંજોગો અનુસાર probable defence રેકર્ડ પર લાવવાનો હોય છે અને તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ મળવો જોઇએ. પરંતુ સદર ખંડન કરતો પુરાવો સબળ હોવો જરૂરી છે અને માત્ર સામાન્ય શંકા ઉપજાવે તેવા પ્રકારનો હોય તેવા સંજોગોમાં આરોપીને તેનો લાભ આપી શકાય નહી. સદર બંને કલમો બાબતની તથા તે મુજબના અનુમાનોના ખંડન બાબતની વિસ્તૃત ચર્ચા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા Basalingappa vs. Mudibasappa (2019) 5 SCC 418 વાળા ચુકાદામાં કરવામાં આવેલ છે જેના પારા ૨૩ માં ઠરાવેલ છે કે,

"23. We having noticed the ratio laid down by this Court in the above cases on Section 118(a) and 139, we now summarise the principles enumeruted by this Court in the following manner:

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is order to raise a probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only

from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence. Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence."

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઉપરોક્ત ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, ચેકનું execution એકવાર કબુલ કરવામાં આવે તો સદર કાયદાની કલમ – ૧૧૮ તથા કલમ – ૧૩૯ મુજબ એવું અનુમાન કરવામાં આવે છે કે, સદર ચેક લેણું કે અન્ય કોઇ જવાબદારી માટે આપવામાં આવેલ.

**(૧૨)** આ કામે ફરીયાદ હકીકત વંચાણે લેતાં, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીની રકમ મેળવેલ અને તે રકમ પરત કરવા માટે આંક – ૧૨ વાળો ચેક આપેલ હોવાની ફરીયાદીની રજુઆત છે. સદર કામે આરોપી તર્ફે મુખ્ય બચાવ એવો લેવામાં આવેલ છે કે તેઓ અને ફરીયાદી વચ્ચે મિત્રતાના સંબંધો નથી તથા આરોપીએ ફરીયાદી પાસેથી રૂપિયા ૧૦,૦૦૦/– વ્યાજે લીધેલ અને તે રકમ ગુગલ પે થી ફરીયાદીને વ્યાજ સહિત રૂપિયા ૧૨,૦૦૦/– ચુકવી આપેલ છે અને ફરીયાદી સદર રકમ આપવા માટે આર્થિક રીતે સક્ષમ નથી અને ફરીયાદીએ આરોપીને આપેલ રકમનું કોઇ લખાણ કે કરાર કરાવેલ નથી. સદર તમામ બચાવ અનુસંધાને ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદી અને આરોપી એકબીજાને ઓળખતા હોવાનું સાબિત થાય છે અને ફરીયાદી તથા આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર પણ થયેલ હોવાનું પુરવાર થાય છે. હાલના કામે ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદી અને આરોપી વચ્ચે તા. ૧૬/૦૧/૨૦૨૪ ના રોજ નાણાકીય વ્યવહાર થયેલ હોવાની હકીકત આરોપી તર્ફે રેકર્ડ પર લાવવામાં આવેલ છે. જે અનુસંધાને આરોપીએ બચાવ લીધેલ છે કે તા. ૧૬/૦૧/૨૦૨૪ ના રોજ આરોપીને ફરીયાદીએ રૂપિયા

૧૦,૦૦૦/- વ્યાજે આપેલ અને તે સમયે વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ. પરંતુ ફરીયાદમાં જણાવ્યા મુજબનો વ્યવહારની તા. ૦૪/૦૨/૨૦૨૪ ના રોજ થયેલ નહી હોવાની હકીકત બાબતની વિરૂદ્ધની કોઇ હકીકત આરોપી ફરીયાદીની ઉલટતપાસથી રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી ફરીયાદમાં જણાવ્યા મુજબનો અને તા. ૧૬/૦૧/૨૦૨૪ નો વ્યવહાર અલગ અલગ હોવાનું માનવાને કારણ છે અને ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં ગુગલ પે થી થયેલ વ્યવહાર બાબતે જે ખુલાસો કરેલ છે તે ધ્યાને લેતા તથા વાદગ્રસ્ત ચેક રૂપિયા ૧૦,૦૦૦/- ના વ્યવહાર પેટે સિક્યુરીટી પેટે આપેલ હોવાની હકીકત આરોપી ફરીયાદીની ઉલટતપાસથી પુરવાર કરી શકેલ નથી. વધુમાં સદર કામે આરોપી તર્ફે આંક - ૧૨ વાળા ચેકમાં એક જ અક્ષરો નહી હોવાની જે તકરાર લીધેલ છે તે કારણથી ફરીયાદીના પુરાવાનું ખંડન થયેલ હોવાનું માની શકાય નહી. સદર કામે ફરીયાદી તર્ફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા આરોપીને આ કામે ડીમાન્ડ નોટીસ બજી ગયેલ હોવાછતા આરોપીએ સિક્યુરીટી પેટેના ચેકનો દુરૂપયોગ કરેલ હોવાનો તથા વ્યવહારની રકમ બાબતે તકરાર હોવાનો કોઇ બચાવ નોટીસનો જવાબ આપીને પ્રાથમિક તબક્કે લીધેલ નથી. વધુમાં જો આરોપીના જણાવ્યા મુજબ તા. ૧૮/૦૪/૨૦૨૪ ના રોજ આરોપીએ કહેવાતી રકમ વ્યાજ સહિત ફરીયાદીને ચુકવી આપેલ તો તેવા સંજોગોમાં આરોપીએ સિક્યુરીટી પેટે આપેલ ચેકની માંગણી ફરીયાદી પાસે કરેલ હોય અને ફરીયાદીએ તે આપવાની ના પાડેલ હોય પરંતુ સદર કામે આરોપી તર્ફે તેવી કોઇ રજુઆત નથી. વળી, જો કોઇ પણ ઇસમે સિક્યુરીટી પેટે ચેક આપેલ હોય અને તે મુજબનો વ્યવહાર પુર્ણ થઇ ગયેલ હોય તો તેવા સંજોગોમાં તે ચેક પરત ન મળે તો બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવી શકે અથવા તો લેખિતમાં જાણ કરીને ચેકની માંગણી પણ કરી શકે. પરંતુ સદર કામે આરોપીએ તેમ કરેલ ન હોય અને ડીમાન્ડ નોટીસ બજ્યા બાદ પણ તેનો જવાબ આપી તેવો કોઇ બચાવ લીધેલ નથી તેવા સંજોગોમાં આરોપીએ લીધેલ બચાવ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. વધુમાં એન.આઇ.એક્ટની જોગવાઇ મુજબ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે હોય

તેવા સંજોગોમાં આરોપી દ્વારા મિત્રતાના સંબંધો નહી હોવાનો તથા ફરીયાદી ગુગલ પે નો ઉપયોગ કરતા હોવાછતા આરોપીને ગુગલ પેથી રકમ આપેલ નહી હોવાનો તથા કરાર કરેલ નહી હોવાનો બચાવ લેવા માત્રથી ફરીયાદીના પુરાવાનું ખંડન થયેલ હોવાનું માની શકાય નહી. સદર કામે ફરીયાદીએ બાઇક લેવા માટે લોન લીધેલ હોય તેની આર્થિક ક્ષમતા નહી હોવાનું પણ માનવાને કારણ નથી. સદર કામે આરોપી તર્ફે આંક – ૧૨ વાળા ચેકમાં જણાવ્યા મુજબની રકમનું પાર્ટ પેમેન્ટ કરેલ હોવાનો કોઇ બચાવ લેવામાં આવેલ નથી. જેથી ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતા ફરીયાદવાળો વ્યવહાર અને તા. ૧૬/૦૧/૨૦૨૪ નો વ્યવહાર અલગ અલગ હોય તથા ચેક પણ તા. ૦૩/૦૬/૨૦૨૪ ના રોજનો હોય તેવા સંજોગોમાં આરોપી દ્વારા ફરીયાદીના પુરાવાનું ખંડન થાય તેવો સબળ પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ ન હોય તથા જ્યારે આરોપી તર્ફે આંક – ૧૨ વાળા ચેકમાં પોતાની સહી નહી હોવા બાબતે કોઇ બચાવ લેવામાં આવેલ ન હોય તેથી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન કરવામાં આરોપી સફળ થયેલ નથી. આમ, સદર કામે આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસમાં લીધેલ બચાવ ધ્યાને લેતા તે તમામ બચાવ ફરીયાદપક્ષની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન કરી શકે તે પ્રકારના સબળ જણાઇ આવતા નથી. જેથી આરોપીએ નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત થતું હોય તથા સદર કામે આરોપીપક્ષ નેગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૯ મુજબનું ફરીયાદપક્ષની તરફેણમાં કરવામાં આવતું અનુમાનનું ખંડન ફરીયાદીની ઉલટતપાસથી કરી શકેલ નથી.

**(૧૩)** આમ, ઉપરોકત તમામ ચર્ચાને આધારે આરોપીએ ફરીયાદીને તેઓની લેણી રકમ પેટે આંક – ૧૨ વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે. જેથી ધી નોગોશીયેબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં કાનુની અનુમાન જરૂરી છે. જે અનુમાનનું ખંડન ઉપર કરેલ ચર્ચા મુજબ બચાવપક્ષ કરી શકેલ નથી કે સદરહું બચાવની હકીકતોના અસ્તિત્ત્વ અંગે ફરીયાદીના પુરાવાથી પણ પુરવાર કરી શકેલ નથી. જેથી

ફરીયાદીની તરફેણમાં કરેલ પ્રાથમિક અનુમાન આખરી અને નિર્ણાયક બને છે. જેથી આરોપીએ ફરીયાદી પાસે લીધેલ રકમની ચુકવણી માટે વાદગ્રસ્ત ચેક આપેલ હતો. જે ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ. જે બાદ આરોપીને કાયદેસરની નોટીસ આપેલ હોવા છતાં તે નોટીસની બજવણી કાયદેસર રીતે બજેલ હોવા છતાં, નોટીસમાં જણાવેલ સમયમાં કે તે બાદ ચેકની લેણી રકમ ચુકવી આપેલ નથી અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફલિત થાય છે. જેથી મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫(૨) અન્વયે આરોપી લુહાર ફૈસલ ફીરોજભાઇ રહે. મોઘાવાડા, પાવાગઢ રોડ, હાલોલ, તા. હાલોલ, જી. પંચમહાલનાઓને ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ અન્વયે તક્સીરવાન ઠરાવવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને તક્સીરવાન ઠરાવેલ હોય સજા અંગે સાંભળવા માટે હાલનું કામ મુલતવી કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૧/૦૫/૨૦૨૬

હાલોલ.

**(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન)**
**એડીશનલ ચીફ જ્યુડી. મેજી., હાલોલ.**
**Code GJ 01107**

<u>**સજા અંગે સાંભળ્યા**</u>

(૧) સદર કામે આરોપીના પ્રોક્સી વિ.વ.શ્રી વી.એચ.ગોહીલ નાઓએ દલીલો કરીને જણાવે છે કે, આરોપી એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેમના સમગ્ર પરીવારની જવાબદારી તેમના શિરે છે, જેથી આરોપી ઉપર દયા કરી ઓછામાં ઓછી સજા કરવાની વિનંતી કરે છે તથા આરોપીને પ્રોબેશનનો લાભ આપવા અરજ કરેલ છે. જ્યારે ફરીયાદીના વિ.વ.શ્રી એસ.એમ.મકરાણીની રજુઆત છે કે સદર કામે આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ રકમ મેળવી ચેક આપેલ અને તે રકમ સમયસર પરત કરવાનો ભરોસો અને વિશ્વાસ આપેલ અને તે મુજબ વર્તન નહી કરીને તથા ચેક ઇશ્યુ કર્યા બાદ ખાતામાં પુરતુ ભંડોળ રાખેલ નથી જેથી આરોપીનું માનસ ગુનાહિત હોવાથી કાયદા મુજબ મહત્તમ સજા કરવા તથા ચેકની રકમ અપાવવા વિનંતી કરેલ છે.

(૨) સદર કેસની હકીકતો જોતાં, આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીની રકમ લીધેલ અને તે રકમ માટે ચેક આપેલ. હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ બહુજન સમાજનો ચેકથી થતા વ્યવહારમાં વિશ્વાસ ટકી રહે તે જરૂરી છે. આરોપી સામેના ગુનાની સજાની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો બે વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા ચેકની બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષાની જોગવાઇ કરેલ છે. તેમજ હાલના કામે ફરીયાદપક્ષે ચેકની બમણી રકમનો દંડ કરવા માંગણી કરેલ છે. આરોપીએ ફરીયાદી પાસેથી રકમ લીધા બાદ તે રકમ ચુકવેલ ના હોય ફરીયાદીને હાલની ફરીયાદ કરવી પડેલ છે. ફરીયાદીને આ કામે થયેલ નુકસાન તથા આરોપીની કસુરના કારણે ફરીયાદીના કિંમતી સમયનો વ્યય થયેલ હોય તેમજ તેઓની રોજબરોજની ધંધાકીય પ્રવૃત્તિને અસર થયેલ હોવાથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવો ન્યાયિક જણાતું નથી તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫(૨) અન્વયે આરોપી લુહાર ફૈસલ ફીરોજભાઇ રહે. મોઘાવાડા, પાવાગઢ રોડ, હાલોલ, તા. હાલોલ, જી. પંચમહાલનાઓને ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ અન્વયેના ગુનામાં એક (૦૧) વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા ૧,૪૯,૮૦૦/– (અંકે રૂપિયા એક લાખ ઓગણપચાસ આઠસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી ઉપરોકત દંડની રકમ જમા ના કરે તો આરોપીએ વધુ એક (૦૧) માસની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૫૭(૧) અન્વયે આરોપી દંડની રકમ જમા કરાવેથી તેમાંથી ફરીયાદીને રૂપિયા ૧,૩૯,૮૦૦/– (અંકે રૂપિયા એક લાખ ઓગણચાલીસ આઠસો પુરા) વળતર પેટે અપીલ સમય બાદ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૬૩(૧) અન્વયે આરોપીને સદર જજમેન્ટની નકલ વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આરોપીએ હાલના કામે અગાઉ કાચા કામના કેદી તરીકે કોઇ સજા ભોગવેલ હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૧/૦૫/૨૦૨૬
હાલોલ.

**(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન)**
**એડીશનલ ચીફ જ્યુડી. મેજી., હાલોલ.**
**Code GJ 01107**

**Self**